ક્રમાંક:મઉમશબ/સંશોધન/૩૦૭૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૮/૦૪/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ નું ઉનાળુ વેકેશન અને શાળાઓ માટેની અન્ય સૂચનાઓ બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ તા.૨૮/૦૪/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ઉનાળુ વેકેશનની જોગવાઈ તેમજ COVID-19 ની પરિસ્થિતિમાં શાળાએ અમલ કરવાની વિગતો નિશ્ચિત કરેલ છે જે ધ્યાને લઈ આપશ્રીના તાબા હેઠળ આવતી શાળાઓના આચાર્યશ્રીઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

બીડાણ :-

- શિક્ષણ વિભાગનો સંદર્ભદર્શિત ઠરાવ.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

D:\HITESH\WORD FILE\વેકેશન - 2021\શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ નું ઉનાળુ વેકેશન અને શાળાઓ માટેની અન્ય સૂચનાઓ બાબત..DOCX

જા.નં/મા-૭/વેકેશન/૨૦૨૧/ 6035
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, જિ-સુરત. તા.30/04/૨૦૨૧.
પ્રતિ, આચાર્યશ્રી, સુરત જિલ્લાની સરકારી, અનુદાનિત/બિન અનુદાનિત ખાનગી મા/ઉ.મા.શાળાઓ તમામ,

૨/- ઉકત પત્રથી જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ-સુરત.

કોરોના વાયરસ (કોવિડ-૧૯) અન્વયે રાજ્યની તમામ શાળાઓ માટે સુચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૪/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગના તા.૨૧/૦૯/૨૦૧૯નું જાહેરનામા ક્રમાંક: પીઆરઈ/૧૨૨૦૧૯/સિંગલ ફાઈલ-૫/ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૨/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૪/૦૩/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ

ઠરાવ :-

શિક્ષણ વિભાગના તા.૨૧/૦૯/૨૦૧૯ના સંદર્ભ (૧)ના જાહેરનામાથી બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ ૨૪માં (h) થી (i) સુધીની જોગવાઈઓ ઉમેરવામાં આવેલ છે. ત્યારબાદ શિક્ષણ વિભાગના તા.૦૪/૦૨/૨૦૨૦ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી રાજ્યની પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૦ના સંદર્ભ (૩)ના ઠરાવથી નોવલ કોરોના વાયરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.જેના અનુસંધાને તાજેતરમાં નોવેલ કોરોના (કોવિડ-૧૯)ના સંક્રમણમાં વ્યાપક વધારાને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નીચે મુજબની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ - ૨૦૦૯ની કલમ ૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રસિધ્ધ કરવામાં આવેલ તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના સંદર્ભ (૧) હેઠળના જાહેરનામાનો અમલ આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧માં મોકૂફ રાખવામાં આવે છે. પરંતુ આ જાહેરનામાની જોગવાઈઓનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવાનો રહેશે.

(૨) શિક્ષણ વિભાગ દ્વારા તા. ૦૪/૦૨/૨૦૨૦ તથા તા.૨૪/૦૩/૨૦૨૦ના ઠરાવથી તમામ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પરંતુ, સાંપ્રત વૈશ્વિક કોરોના મહામારીની સમસ્યાને કારણે નવું શૈક્ષણિક વર્ષ અગાઉ મુજબ અર્થાત ઉનાળું વેકેશન પૂરૂ થયેથી શરૂ કરવાનું રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં શાળાઓમાં ઉનાળું વેકેશન તા.૦૩/૦૫/૨૦૨૧ થી તા.૦૬/૦૬/૨૦૨૧ દરમ્યાન રહેશે.

(૩) કોરોના વાયરસ (COVID.19)નાં સંક્રમણથી ઉત્પન્ન થયેલ વૈશ્વિક મહામારીને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકાર તથા સ્થાનિક તંત્ર દ્વારા રાજ્યની સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી/અધિકારીઓ પૈકી જે કર્મચારી/અધિકારીઓને કોઈ કામગીરી

સોંપવામાં આવેલ ન હોય તેવા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી/અધિકારીઓએ શાળાએ આવવાનું રહેશે નહીં. પરંતુ રાજ્ય સરકાર અને/અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા કોઈપણ કામગીરી સોંપવામાં આવે તો તેના અનુસંધાને રાજ્ય સરકાર અને/અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) ખાનગી શાળાઓ (સ્વનિર્ભર શાળાઓ)ના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને શાળાએ જવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ તથા સ્વનિર્ભર શાળાઓએ તથા તે શાળાનાં શિક્ષકોએ નવા શૈક્ષણિક વર્ષ માટે ઉક્ત કચેરીઓ દ્વારા નક્કી કરવામાં આવનાર શૈક્ષણિક કેલેન્ડરની સૂચનાઓનું અવશ્યપણે પાલન કરવાનું રહેશે.

(૬) ઉક્ત તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા અંગેની તમામ આનુષાંગિક કાર્યવાહી નિયામકશ્રી, શાળાઓની કચેરી, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૌલિકા શાહ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
૫. માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્રરહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૪, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૧. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૧૨. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.
૧૩. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૪. સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
૧૫. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ બોર્ડ મારફતે)
૧૬. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી, પ્રા.શિ. મારફતે)
૧૭. વિભાગની સર્વે શાખાઓ.
૧૮. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
૧૯. શાખા સિલેક્ટ ફાઇલ